## જન્મદિને વધામણી


બિપીનચંદ્ર સોમેશ્વર ઠાકર
મો. ૯૦૩૩૫ ૭૧૯૦૫


વિપુલકુમાર સોની
મો. ૯૮૯૮૦ ૪૭૫૬૯


નવરંગ કે શ્રીમાળી
મો. ૯૧૭૩૫ ૬૫૬૧૫


એક્તા યજ્ઞેશ ગોર
મો. ૭૪૦૫૩ ૮૫૧૮૮


મંથન એમ સોનારા
મો. ૯૦૯૯૦ ૯૭૦૯૧


ભારતીબેન પી રાવલ



જિજ્ઞાસા રાવલ
મો. ૯૮૨૫૫ ૯૯૭૦૯


સંસ્કૃતિ રાવલ


ધ્યાની ઉર્પલકુમાર જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪


દેવ પ્રજાપતિ

# માઉન્ટ કાર્મેલ સ્કૂલનો સ્થાપના દિવસ ઉજવાયો




સૅક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કૂલનો સ્થાપના દિવસ ૧૬મી જુલાઈના રોજ છે, જેના અનુસંધાને શુક્રવારે શાળાના સ્થાપના દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. શાળાની પરંપરા મુજબ પ્રાર્થના ગીતથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. માઉન્ટ કાર્મેલ શાળાની સ્થાપના કાર્મેલ નામના પર્વત ઉપર મધર મૅરીના આશીર્વાદથી થઈ હતી, તે ટૅબ્લો દ્વારા દર્શાવવામાં આવ્યું હતું. નૃત્ય પણ રજૂ કરવામાં આવ્યાં હતાં. શાળાનું સંચાલન કરનાર મૅનેજર સિસ્ટર, આચાર્ય તતા અન્ય સિસ્ટર્સનું ભેટ આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.



સૅક્ટર-૧૫ સ્થિત સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા ગ્રાઉન્ડ ખાતે જિલ્લાકક્ષાની જવાહરલાલ જુનિયર હોકી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ગ્રાન્ટેડ વિભાગની વિદ્યાર્થીનીઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ વિજેતા ટીમમાં શ્રેયા ચૌધરી, અસ્મિતા ચૌધરી, ખુશી ચૌધરી, રિયા પરમાર, બરખા પરમાર, વંદના વાઘેલા, અશ્વિના ચૌધરી, ભાવિ વોરા, વર્ધિની જાની, વિમળા મારવાડી, મનિષા ચૌધરી, માધવી ચૌધરી, ઈલ્મા વોરા, ભારતી ચૌધરી, ભાર્ગવી ગોસ્વામી તેમજ કાજલ ચૌધરી સામેલ હતી.

આ વિજેતા ટીમ હવે આગામી દિવસોમાં રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. ટીમને શાળાનાં આચાર્ય સંતોકબેન ચૌધરીએ અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

# સ્કૂલ ઑફ અચિવર ખાતે સ્કૂલ કૅબિનેટની રચના કરાઈ



સપ્તાહભરના પુખ્ત આયોજન બાદ સ્કૂલ ઑફ અચિવર, કુડાસણની પાર્લામૅન્ટ કૅબિનેટની રચના થઈ હતી. ભવ્ય કાર્યક્રમમાં માર્ચપાસ્ટ અને ત્યારબાદ પાર્લામૅન્ટનું આયોજન થયું હતું. માર્ચપાસ્ટ પહેલાં ઈન-ચાર્જ શિક્ષક દ્વારા સ્કૂલ અનુશાસન અને પાર્લામૅન્ટનો સંબંધ દર્શાવી કૅબિનેટ-રચનાના ઉદ્દેશ્યો સ્પષ્ટ કરાયા હતા. અચિવર કલ્ચર પર પ્રકાશ પાડતું એક સંક્ષિપ્ત 'માઈમ' પણ રજૂ થયું હતું. ત્યારબાદ ઍસપીઍલ, એઍસપીઍલ, વૉલન્ટીયર્સ, ક્લાસ મોનિટર્સ અને હાઉસ લીડર્સને બેઝ એનાયત કરવામાં આવ્યા હતા. આ સાથે જ સ્કૂલમાં ઈકો ક્લબ અને જીકે ક્લબની રચના પણ કરવામાં આવી હતી, તેના સભ્યોને પણ બેઝ એનાયત કરવામાં આવ્યા હતા. એ પછી કૅબિનેટના સભ્યોનો શપથવિધિ યોજાયો હતો અને અંતે પ્રિન્સિપાલે કૅબિનેટની અગત્ય, સ્કૂલ અનુશાસન તથા વિદ્યાર્થી અભિનંદનને સાંકળતું ઉદ્‌બોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક અનિરુદ્ધ ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
૬.૩૦. ૧૦.૦૦
**સ્ક્રીન-૨**
સુલતાન
૬.૦૦, ૯.૩૦
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
૧૨.૩૦, ૩.૩૦
**સ્ક્રીન-૩**
આઈસ એજ (અંગ્રેજી, ૩ડી)
૧.૪૫. ૫.૪૫, ૯.૪૫
આઈસ એજ (હિન્દી, ૩ડી)
**સ્ક્રીન-૪**
રોમિયો ઍન્ડ રાધિકા (ગુજરાતી)
૬.૪૫, ૯.૪૫
સુલતાન
૧૨.૦૦, ૩.૩૦
**સ્ક્રીન-૫**
સુલતાન
૨.૦૦, ૫.૧૫, ૮.૩૦
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
સવારે ૧૦.૦૦

# આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે ગૌરીવ્રતની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૫

આદર્શ નિવાસી કન્યા શાળા (અ.જા.), સૅક્ટર-૮ ખાતે ગૌરીવ્રતની ઉજવણી પ્રસંગે ત્રિદિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત શુક્રવારે પ્રથમ દિવસે મહેંદી સ્પર્ધા, કેશગૂંફન સ્પર્ધા, આરતી સુશોભન સ્પર્ધા તથા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારે ચિત્રસ્પર્ધા, વેસ્ટમાંથી બેસ્ટ, કૅટવૉક, વેશભૂષા તથા એકપાત્રીય અભિનય સ્પર્ધા અને સોમવારના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ તમામ સ્પર્ધાઓમાં ધોરણ-૯તી ૧૨ની વિદ્યાર્થીનીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહી છે. તમામ કાર્યક્રમનાં આયોજક અને માર્ગદર્શક આચાર્ય કુસુમબેન ચૌહાણના હસ્તે શુક્રવારે આ ત્રિદિવસીય કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આરતી સુશોભનમાં ધોરણ-૯ની વિદ્યાર્થીની અમિષા સાધુ પ્રથમ, માનસી તૂરી દ્વિતિય, રંગોળી સ્પર્ધામાં સોનલ રાઠોડ પ્રથમ, વિભૂતિ ચુડાસમા તૃતિય ક્રમે વિજયી બની હતી. કેશગૂંફનમાં અનુક્રમે દક્ષા પરમાર, જ્યોતિ રાઠોડ, મહેંદી સ્પર્ધામાં સોનલ રાઠોડ, સુમન પારઘી વિજયી બની હતી. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં રંગોળી સ્પર્ધામાં ધોરણ-૧૨ની વિદ્યાર્થીની ભાવુ મકવાણા, પાયલ સોલંકી, મહેંદી સ્પર્ધામાં ધોરણ-૧૧ની વિદ્યાર્થીની આરતી રાઠોડ, લક્ષ્મી વાઘેલા, આરતી સુશોભન સ્પર્ધામાં ધોરણ-૧૨ની વિદ્યાર્થીની સવિતા દુલેરા અને દિવ્યા રાઠોડ અનુક્રમે વિજેતા બની હતી.

સમગ્ર કાર્યક્રમના સંચાલન અને વ્યવસ્થાપનની જવાબદારી મદદનીશ શિક્ષક અમિતાબેન પરમાર અને રંજનાબેન ગુપ્તાએ સંભાળી હતી.

# આર જી સ્કૂલની બે વિદ્યાર્થિનીઓ ઍનસીસી કૅમ્પમાં ઝળકી




શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી બે વિદ્યાર્થીનીઓએ લૉ ગાર્ડન, અમદાવાદ ખાતે દસ દિવસીય ઍનસીસી કૅમ્પમાં ભાગ લીધો હતો.

દસ દિવસ દરમ્યાન પરેડ, યોગની ઉપયોગીતા વિશે, રમતગમત વિશે તેમને માહિતગાર કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત લેખન હરિફાઈ, ચિત્ર સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેમાં આ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ધોરણ-૧૦ ડીમાં અભ્યાસ કરતી દર્શના પી ઠાકોર અને આશા એ પરીખે આ કૅમ્પ સફળતાપૂર્વક પૂર્ણ કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. બંને વિદ્યાર્થીનીઓએ શાળા પરિવાર વતી આચાર્ય સુધાબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.




**જિલ્લા સુબ્રતો મુખર્જી ફૂટબોલ ટુર્નામિન્ટમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલ ચૅમ્પિયન :** ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા આયોજિત સુબ્રતો મુખર્જી ફૂટબૉલ ટુર્નામેન્ટમાં અન્ડ-૧૪ બોય્ઝ વિભાગની ફાઈનલ મૅચ સૅન્ટ ઝેવિયર્સ અને માઉન્ટ કાર્મેલ સ્કૂલ વચ્ચે રમાઈ હતી. આ ચૅમ્પિયનશીપ માઉન્ટ કાર્મેલ સ્કૂલે ૨-૦થી જીતી લીધી હતી અને જિલ્લામાં ચૅમ્પિયનશીપ પ્રાપ્ત કરી હતી. હવે માઉન્ટ કાર્મેલ સ્કૂલની આ ટીમ રાજ્યકક્ષાએ ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરશે.

## શનિસભા અને બૂક પબના ઉપક્રમે
# 'કૅપિટલ આઈ' કાવ્યસંગ્રહનું આજે અમદાવાદમાં લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૫

શનિસભા અને બૂક પબના ઉપક્રમે શનિસભાના કવિઓ દ્વારા 'હું' વિષયને કેન્દ્રસ્થ રાખી રચાયેલી રચનાઓના કાવ્યસંગ્રહ 'કૅપિટલ આઈ'નું લોકાર્પણ બી વી દોશીના વરદ હસ્તે આગામી શનિવાર, તા. ૧૬ જુલાઈના રોજ સાંજે ૬ કલાકે કનોરિઆ સૅન્ટર ફૉર આર્ટ્સ, યુનિવર્સિટી સામે, અમદાવાદ ખાતે આયોજિત કરાયું છે.

કાવ્યસંગ્રહ 'કૅપિટલ આઈ'માં માધવ રામાનૂજ, ભાગ્યેશ જ્હા, ચિનુ મોદી, મનિષ પાઠક 'શ્વેત' જયંત ડાંગોદરા, અનિલ ચાવડા, ચેતન શુક્લ, યજ્ઞેશ વ્યાસ, રાધિકા પટેલ, દિલીપ શ્રીમાળી, યોગેશ ભટ્ટ, રમેશ દરજી, જિજ્ઞા મહેતા, પાર્થ તારપરા, સુરેશચંદ્ર રાવલ, આગમ શાહ, વિપુલ અમરાવ, લતા હિરાણી, નિશા પંચાલ, પ્રતાપસિંહ ડાભી, દિલીપ દવે, તથાગત પટેલ, ગિરીશ પરમાર, કિશોર પંડ્યા, ચંદ્રકાન્ત ધલ, અક્ષય દવે, તેજસ દવે, રજની પાઠકની કવિતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કુલ ૨૮ જેટલાં નિવડેલાં તેમજ નવોદિત કવિઓનાં કાવ્યો આ પુસ્તકમાં સમાવાયાં છે.

# ધરતીનો છેડો ઘર, પરંતુ તે હવે ક્યાં છે ?




માણસ સામાજિક પ્રાણી છે, જેને સ્પષ્ટ ભાષા અને સંસ્કૃતિની વિરાસત મળેલી છે. સજીવ સૃષ્ટિમાં માનવ એ ઈશ્વરનું ઉત્કૃષ્ટ સર્જન છે. માનવને માનવ પાસેથી જ પ્રેમની, હૂંફની, સહકારની, વિકાસ તરફ જવાની અપેક્ષાઓ રહેતી હોય છે. વિશ્વમાં જીવન સમયના અવિરત પ્રવાહમાં દોડતું, ધબકતું રહે છે. સવારથી સાંજ માણસ સતત પ્રવૃત્તિઓથી વ્યસ્ત રહે છે છે કારણ કે બદલાયેલી વૈશ્વ જીવનશૈલીમાં કમાણી ટૂંકી પડવા લાગી છે. વસતીવૃધ્ધિની સાથે મોંઘવારીવૃધ્ધિ સ્પર્ધાની માફક દોડે છે. જીવન જીવવા, વિકસિત થવા અને સંતોષ માટે આર્થિક દૃષ્ટિએ પ્રત્યેક વ્યક્તિને ખૂબ સંઘર્ષ કરવો પડે તેવા સમયનું સર્જન થયેલું છે...

પરંતુ આ બધામાં એક સ્થળ એવું હોય છે કે જ્યાં પગ મૂક્યા પછી તેને હાશકારો અને શાંતિનો અહેસાસ થાય અને એ સ્થળને લોકો ધરતીનો છેડો કહે છે, મતલબ કે પોતાનું ઘર !

ઘરને માત્ર દીવાલો, આંતરિક સજાવટ, સોફા, શયનખંડ, ઓસરી કે અગાશી કે બહારનો ચોક યા તુલસી ક્યારો જ નથી, એ દિવસભરની ત્રસ્ત દોડધામ પછીની નિરાંતની પળોની પરિવાર સાથે રહેવાની સમય સારણી છે. ઘર પોતાનું જ હોય એવી લાગણી દરેક ગૃહસ્થના મનમાં હોય તે સહજ છે. ભાડાનું ઘર હોય કે પોતાનો ફ્લેટ કે બંગલો હોય, પરંતુ આ સ્થળ એ ધરતીનો છેડો છે અર્થાત ત્યાં આવી ગયા બાદ સૂક્ષ્મ સુકુન-શાંતિનો હૂંફાળો અહેસાસ થવો અતિ આવશ્યક છે. ઘર જેવું સ્થળ દુનિયામાં બીજું હોઈ શકે નહીં. પરંતુ કેવો કઠણ સમય હવે આવ્યો છે કે ઘરને શોધવું પડે છે ! કમાણી કરવાની ઉપાધિમાં પરિવારના સભ્યો જોડાયેલા હોય, છોકરાઓનાં સંતાનોના ભમતર કે જોબના સવાલો હોય, વૃધ્ધ મા-બાપને સાચવવાની બાબત હોય એમ સવાલો અને મૂંઝવણોથી ઘર સતત ખુદ હાંફતું થઈ ગયું છે. પહાડીઓ ઉપરના બરફ ઉપર જઈને ઠંડીના બદલે ગરમીનો અનુભવ થાય તેવી હકીકત છે !

પરિવારના વધતા પ્રશ્નોથી ઘર ઘર નહીં રહેતાં માત્ર મકાન થઈ રહ્યું છે એ સામાજિક આપત્તિ છે, જે પ્રથમ નજરે દેખાતી નથી. પતિ-પત્ની વચ્ચે 'ધન્ય ગૃહસ્થાશ્રમ'નો કોઈ અહેસાસ નથી. જીવન વેંઢારતી પ્રક્રિયા મુજબ પરિવારો ચાલે ત્યારે કુટુંબના સભ્યો ખરા સ્નેહથી વંચિત રહેવા લાગ્યા છે અથવા લોહીના સંબંધોનું ઐક્ય ક્રમશઃ તૂટી રહ્યું છે, જેમાં બળતા અગ્નિમાં ઘી હોમવાનું કામ આધુનિક માહિતી પ્રસારનાં ઉપકરણોએ કર્યું છે. ઘરે આવ્યા બાદ ફોન કે લૅપટૉપ કે ઈન્ટરનેટ ઉપર જો ઑફિસનું કામ ચાલુ રહે તો ઘર એ હૉટલ બની જાય છે !! ઘર એ લાગણીઓ અને માગણીઓની તૃપ્તિનું પવિત્ર સ્થાન છે. ત્યાં અવિશ્વસા, દંભ, અસત્ય, છળ-કપટ, સ્વાર્થ અતિ વધી જાય તો ઘરના સભ્યો અંતે હતાશ-ઉદાસ, નિરાશ થઈ આત્મહત્યાના માર્ગે ફંટાઈ જતા હોય છે. પરસ્પરના પ્રશ્નો સમજી પ્રેમથી તેને ઉકેલલાવવાના બદલે અહમ અને કંકાસના કીડા પ્રવેશી જાય તો ઘરની છત પણ રડતી હોય છે એ બધા અનુભવી શકતા નથી. તેના માટે દિલમાં સંવેદના હોવી જરૂરી છે. ઘર બધી જ પ્રગતિનો મુખ્ય આધાર છે, વિકાસ માટેનો રનવે છે, પરંતુ આધુનિક યુગમાં ત્યાં કંકાસ અને ઉગ્ર મતભેદો, બેહદ હતાશા છવાયેલી જોવા મળે છે. કમાણી માટે દોડવું એ કંઈ ખોટું નથી પરંતુ બધુ મળ્યા પછી જો જીવન ભોગવવાની જોગવાઈ જ ના રહે તો શું અર્થ છે ? જીવિન તો દોડતું રહે છે, માણસ ઊભો રહી શકે તેમ નથી એટલે દબાણ-તનાવ રહે છે. આજે જરૂરત છે વધુ પ્રેમથી જીવન જીવવાની, જિજ્ઞાસાને ટકાવી રાખવાની, ત્યાગની, બલિદાનની કે જેનાથી દિલ-દિમાંગમાં ઉમંગનો અહેસાસ થાય. પરિવાર ઘરથી ઓળખાય, ઘરમાં પરિવાર પોષાય, વિકસે અને ધ્યેયપ્રાપ્તિ સુધી પહોંચે... વધુ પડતો સ્વાર્થ અને નાણાંની લાલચ બધાં જીવનમૂલ્યોનો ધ્વંશ કરી નાખે છે.



જીવનમાં ધર્મ, કર્મ અને સંયમિત વર્તન હોય તો પૂરા સમાજને તે બળ પૂરું પાડે છે. વિચારોના વૃંદાવનમાં પોતાના ઘરેથી જ લટાર મારવા જઈ શકાય છે, બીજેથી તે સુલભ નથી.

"નાની નકામી વાતમાં શાને બબાલ કર ? જગને વહાલ કર, જીવતરને ન્યાલ કર !"



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે વિદ્યાર્થીઓ, વાલીઓ માટે અભિગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના માધ્યમથી વાલીઓને પોતાનાં સંતાનોનો શિક્ષણ પાઠ્યક્રમ અને એમાં કેવી રીતે સફળતા મેળવવી તે અંગે સંવાદ દ્વારા સમજાવવામાં આવ્યું હતું. વાલીઓએ ખૂબ ઉત્સાહ અને રસપૂર્વક આ કાર્યક્રમમાં ભાગ લીદો હતો. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને સફળ સિદ્ધિ માટે શાળા દ્વારા આયોજિત અભિગમ કાર્યક્રમ એ પ્રથમ ચરણ છે, જેને વાલીઓએ ખૂબ સારી રીતે વધાવ્યું હતું.

# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

**'મારી સ્નેહાળ સખી'**